# <u>સુરત શહેર વિસ્તારમાં હથીયાર બતાવી રોકડા રૂપીયાની લુંટ કરતી ગેંગને પકડી પાડતી લાલગેટ પોલીસ</u>

તા.૧૧/૦૮/૨૦૧૮ ના રોજ લાલગેટ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ રામપુરા પેટ્રોલપંપ પાસે આવેલ યુનાઇટેડ કાફેની દુકાન આગળ ફરીયાદીને બે અજાણ્યા ઇસમો આવી તુ ઉલ્ટા કામ કરતા હૈ,ચલ યે ઓટો રીક્ષા મે બેઠ જા તેમ કહી ફરી.ને બળજબરીથી ઓટોરીક્ષામાં બેસાડી ફરીયાદીને કમ્મરના ભાગે ચપ્પુ રાખી, તેરે કો જાનશે માર ડાલુંગા તેમ કહી ધમકી આપી, એક થપ્પડ મારી, ફરીયાદીનું એસ.બી.આઇ બેન્કનું એ.ટી.એમ.ઝુંટવી લઇ તેનો પાસવર્ડ માંગી ફરીયાદીને ગેરકાયદેસર રીતે અટકાયત કરી એ.ટી.એમ. માંથી રૂ,૮૦૦૦/- ઉપાડી લઇ લુંટ કરી નાશી ગયેલ. વિગેરે બાબતે લાલગેટ પો.સ્ટે. I-ગુ.ર.નં. ૬૫/૨૦૧૮ ઇ.પી.કો કલમ-૩૯૨,૩૯૪,૩૪૨,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ જે વણશોધાયેલ હોય અને શોધી કાઢવા માટે લાલગેટ પો.સ્ટે. ના અધિકારી/કર્મચારી અલગ અલગ ટીમો બનાવી શકદારોની તપાસ કરતા આરોપી (૧)અસરફકુલ ઈસ્લામ શરીકુલ ઈસ્લામ શેખ ઉ.વ.૨૭ રહે.ઘર નં.૧૦૩,ઈસ્માઈલ રેસીડન્સી, નુરી મહોલ્લો, રામપુરા પેટ્રોલ પમ્પ પાસે, ચોકબજાર, સુરતનાએ અન્ય આરોપી જોડે સદર ઘટનાને અંજામ આપેલ હોવાની શક્યતા જણાયેલ, જેથી આરોપી નં.૧ તપાસ કરી શોધી કાઢી, સઘન પુછપરછ કરતા આરોપી (૨) મોઇદ્દુન ઇસ્લામ અબ્દુલ મુજીદ શેખ ઉ.વ.૨૪ ધંધો-મજુરી રહે. ફ્લેટ નં.૪૦૧, શ્રીનાથજી એપાર્ટમેન્ટ થોભા શેરી જીમ ગલીમાં મહિધરપુરા સુરત સાથે મળી સદર લુંટના ગુનાને અંજામ આપેલ હોવાની કબુલાત કરતા હોય તેમની પાસેથી લુંટમાં ગયેલ રોકડા રૂ. ૫૦૦/- રીકવર કરી તથા સાહેદ પાસેથી રોકડા રૂ. ૭૦૦૦/- રીકવર કરી અટક કરેલ.

<u>ગુનાહીત ઇતીહાસ</u>

આ કામના આરોપી અસરફકુલ ઈસ્લામ શરીકુલ ઈસ્લામ શેખ ઉ.વ.૨૭ રહે.ઘર નં.૧૦૩, ઈસ્માઈલ રેસીડન્સી, નુરી મહોલ્લો, રામપુરા પેટ્રોલ પમ્પ પાસે, ચોકબજાર, સુરતનાનો અગાઉ (૧) રાદેર પો.સ્ટે. I ગુ.ર.નં.૧૩૬/૨૦૧૩ ઇ.પી.કો કલમ-૩૯૪,૧૧૪,૧૨૦બી,૪૧૧ મુજબ તથા (૨) રાદેર પો.સ્ટે. I ગુ.ર.નં.૧૪૦/૨૦૧૩ ઇ.પી.કો. કલમ-૩૭૯,૩૫૬,૧૧૪,૪૧૧ મુજબ.